ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૬/૨૧–૨૨/ 3510 તારીખ: 26 NOV 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.ઈન્ડુસ ટાવર્સ**
**૧૦૩, બાલેશ્વર સ્કવેર,**
**એસ.જી.હાઈવે,**
**અમદાવાદ–૩૮૦૦૫.**
**મો.નં–૮૬૯૧૯ ૦૫૫૬૭**

કેસ નં.૪૬/૨૧–૨૨

**વિષય :** **ઓડિટ રીકવરી બિલ બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૦/૦૮/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૨/૦૯/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૬/૨૧–૨૨/૨૬૪૭ તા.૦૪/૦૯/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૬/૨૧–૨૨/૨૮૭૯ તા.૨૪/૦૯/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૬/૨૧–૨૨/૩૨૭૩ તા.૦૧/૧૧/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૧૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ઉના.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **પેટા વિભાગીય કચેરી–૧, કોડીનાર.**

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૪૬/૨૧–૨૨</u> ☜

વાદી :– મે.ઈન્ડુસ ટાવર્સ,

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ <u>રજુઆતની તારીખઃ– તા.૧૫/૧૧/૨૦૨૧</u> ◈

હાજર રહયા :– શ્રી નિતેષભાઈ માથુર (વાદી ના એનર્જી મેનેજર)

પ્રતિવાદી :– શ્રી એમ.વી.બાંભણીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે.ઈન્ડુસ ટાવર્સ, મું.અમદાવાદ ની ઓડિટ રીકવરી બિલ બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૬/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૬/૨૧–૨૨/૨૬૪૭ તા.૦૪/૦૯/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા. ૦૫/૧૦/૨૦૨૧</u>** જેમાં, વાદી ના પ્રતિનિધિ ગેરહાજર રહેલ તેમજ **<u>તા.૧૫/૧૧/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી ના પ્રતિનિધિ એનર્જી મેનેજર શ્રી નિતેષભાઈ માથુર હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.બાંભણીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના ઉપસ્થિત રહેલ.

☞ <u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

1.1 We have received audit recovery bill of INR 18234.00 from PGVCL. In letter from DISCOM, bill charged for the duration of Dec-2013 to Jul-2014 and we have received bill in Month of Aug-20.

However, we have submitted a request letter REG..04.2122.019 on 17.04.2021 to waive audit recovery bill and also have submitted letter through e-mail addressing to <u>revkodinar.pgvcl@gebmail.com</u> on 03.05.2021 for the same requisition but our request was declined by informing that bill charged as per rules and regulations by DISCOM. In our requisition letter,

1.2 we mentioned about clauses of GERC (Electricity Supply Code and Regulations Matters) which are best in our knowledge to get relaxation in charged audit bill.

1.3 To protect our site from disconnection, we have paid INR 18234.00 (100% of total charged bill) on 23.03.2021 under protest (Payments details in below table). Payments Details:

| **Indus ID** | **From Date** | **To Date** | **Amount** | **Ref. No.** | **Date** | **Ben. No.** |
|---|---|---|---|---|---|---|
| IN-1040926 | Dec-2013 | Jul-2014 | 18234 | 29136427 | 23-Mar-2021 | PGVC84706005612 |

Therefore, it is our humble request you to investigate the case and provide proper justice.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ઉપરોકત વિષયના અનુસંધાને આપ સાહેબશ્રી ને જણાવવાનું કે, INDUS TOWER, ગામ–સરખડી, જેના ગ્રાહક નં–૮૪૭૦૬/૦૦૫૬૧/૨ ટાવર નું કનેકશન ધરાવે છે. જેના ઓડિટ રીકવરી ના મુદા નીચે મુજબ છે. (૧) તા.૨૦/૬/૨૦૧૪ ના રોજ પ્રફોર્મા નં–૩૬૯૧૪ થી સ્થળ પર મીટર બદલાવેલ છે. ઓફીસ દ્વારા ઈ–ઉર્જા માં તા.૮/૭/૨૦૧૪ ના રોજ મીટર ચેન્જ કરેલ છે. જે સીસ્ટમ એરર ના કારણે, જુન–૨૦૧૪ માં ૮૨૦૫૩૮ યુનિટ તથા તેનું બિલ રકમ રૂા.૫૭,૯૫,૨૨૭.૭૫ નો રાઉન્ડ ફરેલ હતો. પરંતુ, ગ્રાહક ના ખાતામાં એડજેસ્ટમેન્ટ ની રકમ રૂા.૫૭,૯૪,૯૯૪.૦૦ આપેલ હતી. પરંતુ, ઓડિટ ટીમ દ્વારા જે.વી. સહિત ( ૩૪ નંબરના એડજેસ્ટમેન્ટ જેના નાણાં નિગમીત કચેરી દ્વારા સ્વીકારવામાં આવે છે. અને પેટા વિભાગીય કચેરીને ગ્રાહક વાઈઝ એડજેસ્ટમેન્ટ આપવામાં આવે છે.) રૂા.૯,૦૬૬.૦૦ સહિત કુલ રૂા.૫૮,૦૪,૦૬૦.૦૦ ઘ્યાને લીધેલ હતી. જે ખરેખર જે.વી.ની રકમ માં તેનો સમાવેશ મીટર ચેન્જ ના એડજેસ્ટમેન્ટ માં કરવાનો હોતો નથી. આમ, ગ્રાહક ને રૂા.૮,૮૩૨.૨૫ જમા આપવા પાત્ર છે. જેની સામે ગ્રાહક ને આપવામાં આવેલ એવરેજ બિલ રૂા.૧૦,૧૪૪.૦૦ – રૂા.૮,૮૩૨.૨૫ = રૂા.૧,૩૧૧.૭૫ જે ગ્રાહક ને ભરવાપાત્ર છે.

૨.૧ (૨) માહે જુલાઈ–૨૦૧૪ માં ઈ–ઉર્જા સીસ્ટમ એરર ને કારણે, રોટેટ થયેલ છે. જેમાં, યુનિટ ૧૮૦૭૩૦ તથા જેની રકમ રૂા.૧૨,૯૦,૨૯૮.૯૮ ગ્રાહક ના ખાતામાં જમા આપવા પાત્ર થાય છે. તેની સામે સીસ્ટમ માં રૂા.૧૨,૮૧,૨૨૨.૦૦ આપેલ છે. આમ, રૂા.૯૦૭૬.૯૮ ઓછી જમા આપેલ છે. ઓડિટ ટીમ દ્વારા

...nce Redress... P.G.V.C.L.

148567 થી રૂા.૧૮,૨૩૪.૦૦ રૂપિયા RTGS થી ભરપાઈ કરેલ છે અને રૂા.૯,૦૭૬.૯૮ ગ્રાહક ના ખાતામાં ઓછું એડજેસ્ટમેન્ટ નાંખેલ છે. એટલે કે, ૧૮,૨૩૪.૦૦ + ૯,૦૭૬.૯૮ = રૂા.૨૭,૩૧૦.૯૮ એટલે કે, રૂા.૨૮,૨૯૮.૪૮ – રૂા.૨૭,૩૧૦.૯૮ = રૂા.૯૮૭.૫૦ ભરવાપાત્ર છે. આમ, કુલ રૂા.૧,૩૧૧.૭૫ + રૂા.૯૮૭.૫૦ = રૂા.૨,૨૯૯.૨૫ ગ્રાહક દ્વારા ભરપાઈ કરવાના રહે છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ભારતી એરટેલ લીમીટેડ ના નામનું ગામ–સરખડી ખાતે સીંગલ ફેઈઝ વિજ જોડાણ ગ્રાહક નં–૮૪૭૦૬/૦૦૫૬૧/૨ થી ટાવર નું કનેકશન NRGP ટેરીફ હેઠળ. ધરાવે છે

૩.૨ જુન–૨૦૧૪ ના માસીક બિલ માં પ્રતિવાદી એ વાદીને ૮,૨૦,૫૩૮ યુનિટ નું જેની રકમ રૂ.૫૭,૯૫,૨૨૭/૭૫ નું વિજ બિલ આપેલ. જે રકમ વાદીના એકાઉન્ટ માં ડેબીટ કરવામાં આવેલ. પરંતુ, ઈ–ઉર્જા સીસ્ટમ ની ભૂલ જણાતાં, પ્રતિવાદી એ વાદીના એકાઉન્ટ માં આ બિલ ની રકમ જમા આપેલ. જમા આપેલ રકમ ૫૮,૦૪,૦૬૦ ની પી.આર.ટી–૧૪૫ મુજબ છે.

૩.૩ ફરીથી જુલાઈ–૨૦૧૪ ઈ–ઉર્જા સીસ્ટમ ની એરર(ભૂલ) ને કારણે, પ્રતિવાદી વાદીના એકાઉન્ટ માં ૧,૮૦,૭૩૦ યુનિટ ની વપરાશ જેની રકમ રૂ.૧૨,૯૦,૨૯૮/૯૮ થાય તે ડેબીટ કરેલ. પ્રતિવાદીને ઈ–ઉર્જા સીસ્ટમમાં એરર ધ્યાનમાં આવતા, તે જ માસમાં વાદીના એકાઉન્ટ માં જમા આપેલ. આમ, વાદીને એકાઉન્ટ માં ઉધારેલ ક્ષતિ વાળા બન્ને બિલો ની રકમ પ્રતિવાદીએ જમા આપેલ.

૩.૪ પ્રતિવાદીના ઓડિટ સેકશન ને તેના ઓડિટ દરમ્યાન વાદીના બિલીંગ એકાઉન્ટ નું ઓડિટ કરતા,ધ્યાનમાં આવેલ કે, જુન–૨૦૧૪ અને જુલાઈ–૨૦૧૪ ના માસ દરમ્યાન વાદી નું મીટર ક્ષતિવાળું હતું. જે મીટર તા.૨૦/૬/૧૪ ના રોજ બદલાવેલ. તા.૨૦/૬/૨૦૧૪ ના રોજ મીટર બદલતા સમયે, વાદીના રીડીગ અવાચ્ય જણાવેલ.

૩.૫ વાદી ના બદલાયેલ રીડીગ અવાચ્ય હોવાથી પ્રતિવાદીએ વાદીને જુન–૨૦૧૪ ના માસનું એવરેજ બિલ ૧૨૮૦ યુનિટ અને જુલાઈ–૨૦૧૪ નું એવરેજ બિલ ૧૨૭૦ યુનિટ નું આપેલ.

૩.૬ પેરા નં–૩.૪ અને ૩.૫ મુજબ મે–૨૦૧૪ અને જુન–૨૦૧૪ માસ દરમ્યાન વાદીનું મીટર ક્ષતિવાળું હોય, વિજ વપરાશના યુનિટ ની નોંધણી થયેલ ન હોય, પ્રતિવાદીએ GERC ના સપ્લાય કોડ મુજબ અગાઉના ૩ બિલ ની વિજ વપરાશની એવરેજ ની ગણતરી કરી જુન માસનું ૧૨૮૦ યુનિટ અને જુલાઈ માસનું ૧૨૭૦ યુનિટ ની એવરેજ બિલ આપેલ છે જે યોગ્ય છે અને વાદીએ ભરવાપાત્ર છે.

Grievance Redressal F
P.G.V.C.L.
Bhavnagar

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કંું.લી.:ભાવનગર.

તારીખ :— ૧૫/૧૧/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar